Lok-Rakshak
(29)

# MY-02

1 ગુજરાતમાં જાણીતા છેલભાઈ દવેનું નામ કયા ક્ષેત્રે સંકળાયેલું છે ?

(A) જ્યોતિષ વિદ્યા (B) પત્રકારત્વ

(C) પોલીસ અને નાગરિક સંરક્ષણ (D) રાજનીતિશાસ્ત્ર

2 યુ.એન.ની મનાઈ છતાં તાજેતરમાં કયા દેશે પરમાણુ પરીક્ષણ કર્યું ?

(A) દક્ષિણ કોરિયા (B) વિયેતનામ

(C) ઉત્તર કોરિયા (D) ચીન

3 નીચેના પૈકી ભારતની કઈ વિભૂતિને વિશ્વનો પ્રસિદ્ધ 'નૉબેલ પુરસ્કાર' પ્રાપ્ત નથી થયો ?

(A) શ્રી. અરવિંદ ઘોષ (B) ડૉ. જગદીશચંદ્ર બોઝ

(C) પ્રો. અમર્ત્ય સેન (D) કવિવર રવિન્દ્રનાથ ટાગોર

4 ગુર્જરપતિ સિદ્ધરાજ જયસિંહનો જન્મ નીચેના પૈકી કયા નગરમાં થયો હતો ?

(A) ધોળકા (B) ધારવાડ

(C) પાલનપુર (D) પાટણ

5 ઓલિમ્પિકસમાં કોઈ એક સ્પર્ધામાં ફાઈનલ સુધી પહોંચનાર આ પ્રથમ ભારતીય મહિલા ખેલાડી

(A) કર્ણમ મલ્લેશ્વરી (B) પી. ટી. ઉષા

(C) ચૌલા જાગીરદાર (D) જ્યોતિર્મયી સિકંદર

6 તાજેતરમાં જેમનું નિધન થયું છે, તે ગુજરાતી સાહિત્યના શતાયુ પ્રકાંડ વિદ્વાન પદ્મશ્રી કે. કા. શાસ્ત્રી છેલ્લે કઈ પ્રસિદ્ધ સંસ્થાના અધ્યક્ષ હતા ?

(A) વિશ્વ ગુજરાતી પરિષદ (B) વિશ્વ સાહિત્ય પરિષદ

(C) વિશ્વ સંસ્કૃતિ પરિષદ (D) વિશ્વ હિન્દુ પરિષદ

7 નીચેના પૈકી 'ધોળા વીરા'ને સુસંગત બાબત છે.

(A) ગો પ્રતિપાલક (B) જાણીતો બહારવટિયો

(C) પુરાતત્ત્વીય અવશેષ (D) સમર્થ સેના નાયક



Downloaded from www.marugujarat.in

8 ખૂબ જ જાણીતી ગીત પંક્તિઓ : "રક્ત ટપકતી સો સો.. ધારા સમરાંગણથી આવે....." કયા ગુજરાતી સર્જકની છે ?

(A) કવિ નર્મદ
(B) ઉમાશંકર જોષી
(C) ઝવેરચંદ મેઘાણી
(D) કનૈયાલાલ મુનશી

9 નીચેના પૈકી અંગ્રેજી સાહિત્યનો આદિ સર્જક ગણાય છે.

(A) વિલિયમ શેક્સપિયર
(B) હેન્રી હડસન
(C) ચોસર
(D) વર્ડ્સવર્થ

10 નીચેના પૈકી હિંદી સાહિત્યના પ્રસિદ્ધ કવિ છે.

(A) મુંશી પ્રેમચંદ
(B) પં. હજારી પ્રસાદ દ્વિવેદી
(C) મૈથિલીશરણ ગુપ્ત
(D) ભારતેન્દુ હરિશ્ચંદ્ર

11 નીચેના પૈકી રંગભૂમિ અને રાજકારણ - બંને ક્ષેત્ર સાથે સંકળાયેલ નથી.

(A) ઉપેન્દ્ર ત્રિવેદી
(B) અરવિંદ ત્રિવેદી
(C) અરવિંદ જોષી
(D) નરેશ કનોડિયા

12 'પ્રસિદ્ધ જય જય ગરવી ગુજરાત.....'ના રચયિતા છે.

(A) કવિ નર્મદ
(B) અરદેશર ખબરદાર
(C) ઉમાશંકર જોષી
(D) બહેરામજી મલબારી

13 "મહર્ષિ ચરક" કયા ક્ષેત્રનું પ્રસિદ્ધ નામ છે ?

(A) આયુર્વેદ ઔષધો
(B) ખગોળશાસ્ત્ર
(C) જ્યોતિષ વિદ્યા
(D) રસાયણશાસ્ત્ર

14 જાણીતી સંસ્કૃત રચના "અભિજ્ઞાનશાકુંતલ"ના રચયિતા કોણ છે ?

(A) ભારવિ
(B) શ્રી હર્ષ
(C) બાણભટ્ટ
(D) કાલિદાસ

15 સ્વામી દયાનંદ સરસ્વતિનું પ્રસિદ્ધ પુસ્તક છે.

(A) ગીતા તત્ત્વબોધ
(B) સત્યાર્થ પ્રકાશ
(C) ગીતા રહસ્ય
(D) આ પૈકી એક પણ નહિ



Downloaded from www.marugujarat.in

16 ચાલુ વર્ષમાં ભારતના કયા મહાપુરુષની જન્મ શતાબ્દી સામાજિક સંગઠન RSS દ્વારા ઉજવાઈ રહી છે ?

(A) ડૉ. મુંજે
(B) પંડિત કે. કા. શાસ્ત્રી
(C) હો. વિ. શેષાદ્રિ
(D) શ્રી. મા. સ. ગોલવલકર

17 ગુજરાત રાજ્યના પોલીસ દળના મુખ્ય વડા છે.

(A) શ્રી. કે. સી. કપુર
(B) શ્રી. વી. કે. ગુપ્તા
(C) શ્રી. આર. કૌશિક
(D) શ્રી. પી. સી. પાંડે

18 સિંધુખીણની સંસ્કૃતિનું અગત્યનું સ્થળ 'લોથલ' કયા જિલ્લામાં આવેલું છે ?

(A) કચ્છ
(B) બનાસકાંઠા
(C) અમદાવાદ
(D) વડોદરા

19 ગુજરાતમાં સૌથી વધુ રાસાયણિક ખાતરનું ઉત્પાદન કરતું કારખાનું કયું છે ?

(A) જી.એસ.એફ.સી.
(B) ઈફકો
(C) જી.એન.એફ.સી.
(D) કૃભકો

20 કાળી માટીની જમીન કયા પાક માટે સૌથી વધારે અનુકૂળ છે ?

(A) કપાસ
(B) ડાંગર
(C) મગફળી
(D) તડબૂચ

21 સૂર્યપ્રકાશમાંથી નીચે પૈકીનું વિટામિન મળે છે.

(A) વિટામિન-D
(B) વિટામિન-A
(C) વિટામિન-B
(D) વિટામિન-C

22 પ્રથમ વિશ્વયુદ્ધના અંતે વિશ્વશાંતિ માટે કઈ સંસ્થાની સ્થાપના થઈ ?

(A) રાષ્ટ્રસંઘ
(B) સંયુક્ત રાષ્ટ્રસંઘ
(C) નામ
(D) યુનેસ્કો

23 ગુજરાતી ભાષાની પ્રથમ નવલકથા કઈ છે ?

(A) કરણઘેલો
(B) મારી હકીકત
(C) સરસ્વતીચંદ્ર
(D) અમે બધાં



Downloaded from www.marugujarat.in

24 કૉમ્પ્યૂટરને માહિતી તથા આદેશો શેનાં પરથી આપવામાં આવે છે ?

(A) કી બૉર્ડ (B) સી.પી.યુ.

(C) મોનિટર (D) પ્રિન્ટર

25 શૂન્ય અક્ષાંશ વૃત્તને શું કહે છે ?

(A) કર્કવૃત્ત (B) મકરવૃત્ત

(C) ધ્રુવવૃત્ત (D) વિષુવવૃત્ત

26 દેશમાં ઉત્પન્ન થતા માલ પર લેવાતી જકાતને શું કહેવામાં આવે છે ?

(A) એક્સાઈઝ ડ્યુટી (B) એસ્ટેટ ડ્યુટી

(C) સ્ટેમ્પ ડ્યુટી (D) એકેય નહિ

27 નીચેનામાંથી કયો ભાગ બંધારણનો આત્મા ગણાય છે ?

(A) મૂળભૂત અધિકાર (B) રાજ્યનિર્દેશક તત્ત્વો

(C) આમુખ (D) મૂળભૂત ફરજો

28 નીચેનામાંથી રાષ્ટ્રપતિ દ્વારા કોની નિમણૂક થાય છે ?

(I) આયોજન પંચના અધ્યક્ષ

(II) નાણાપંચના અધ્યક્ષ

(III) કેન્દ્રશાસિત પ્રદેશ વહીવટી અધિકારી

(A) I અને II (B) II અને III

(C) I અને III (D) I, II અને III

29 ગ્રામ પંચાયતમાં ગામનું જમીન મહેસૂલ કોણ વસૂલ કરે છે ?

(A) જિલ્લા વિકાસ અધિકારી (B) સરપંચ

(C) જિલ્લા પંચાયત પ્રમુખ (D) તલાટી કમ મંત્રી

30 નીચે દર્શાવેલ વિકલ્પોમાંથી સાચી જોડણી કઈ છે ?

(A) ઝૂમખૂ (B) ઝુમખૂ

(C) ઝૂમખું (D) ઝૂમખુ

31 નીચેનાનો સમાસ ઓળખી બતાવો :

ચોધાર

(A) સમાસ નથી (B) બહુવ્રીહિ

(C) મધ્યમપદલોપી (D) દ્વન્દ્વ



Downloaded from www.marugujarat.in

32 નીચેનાનો સાચો છંદ ઓળખી બતાવો :

*અસત્યો માંહેથી પ્રભુ પરમ સત્યે તું લઈ જા,*

*ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા.*

(A) પૃથ્વી (B) શિખરિણી

(C) અનુષ્ટુપ (D) મનહર

33 નીચેનાનો સાચો અલંકાર શોધી દર્શાવો :

*"મા તે મા બાકી બધા વગડાના વા."*

(A) યમક (B) વર્ણાનુપ્રાસ

(C) અનન્વય (D) ઉપમા

34 નીચેનાની સાચી સંજ્ઞા શોધી દર્શાવો :

અણી

(A) અણીદાર (B) અણિયેલ

(C) અણારા (D) અણીયણ

35 ત્રણ વર્ષ પહેલાં આશિષ, દેવર્ષિ અને જાગૃતિની ઉંમરનો સરવાળો $x$ વર્ષ હતો તો બે વર્ષ પછી તેઓની ઉંમરનો સરવાળો કેટલો થશે ?

(A) $3x + 3$ (B) $x + 6$

(C) $3x + 6$ (D) $x + 15$

36 સમબાજુ ત્રિકોણના બહિષ્કોણનું માપ ______ થાય.

(A) 60 (B) 120

(C) 30 (D) 150

37 કાટકોણ ત્રિકોણનું પરિકેન્દ્ર ક્યાં આવેલ હોય છે ?

(A) ત્રિકોણની અંદર (B) ત્રિકોણની બહાર

(C) ત્રિકોણની ઉપર (D) ત્રિકોણનાં શિરોબિંદુ પર

38 $9 + 19 + 29 + \ldots\ldots + 99 =$ ______ થાય.

(A) 460 (B) 450

(C) 540 (D) 455



Downloaded from www.marugujarat.in

39 ગણના ઉપગણો શોધવાનું સૂત્ર ______ છે.

(A) $2^n$
(B) $n^2$
(C) $2n$
(D) એકપણ નહીં

40 $4x = 0$ હોય તો $4 + x =$ ______.

(A) 0
(B) 1
(C) 4
(D) 8

41 $|x - 1| = 5$ તો $x$ની કિંમતો કઈ થશે ?

(A) –4 અને 6
(B) 4 અને –6
(C) 4 અને 6
(D) –4 અને –6

42 $x = 64$ તો $x^{\frac{1}{6}} + x^{-\frac{1}{6}} =$ ______.

(A) 2
(B) $\frac{5}{2}$
(C) 1
(D) $\frac{32}{3}$

43 રૂ. 240માં ખરીદેલી વસ્તુ રૂ. 252માં વેચવાથી કેટલા ટકા નફો થાય ?

(A) 12
(B) 15
(C) 5
(D) 10

44 ચક્રવૃદ્ધિ વ્યાજમુદલ શોધવાનું સૂત્ર કયું છે ?

(A) $\frac{PRN}{100}$
(B) $P\left(1+\frac{RN}{100}\right)$
(C) $P\left(1+\frac{R}{100}\right)^N$
(D) એક પણ નહિ

45 He is ______ European.

(A) a
(B) an
(C) the
(D) are



Downloaded from www.marugujarat.in

46 __________ comes is welcome.

(A) Whoever (B) That

(C) Who (D) Whom

47 He died fighting __________ his country.

(A) on behalf of (B) because of

(C) in case of (D) in behalf of

48 ભારતનું સૌથી જૂનામાં જૂનું શૅરબજાર નીચેના પૈકી કયું છે ?

(A) મુંબઈ શૅરબજાર (B) કલકત્તા શૅરબજાર

(C) દિલ્હી શૅરબજાર (D) અમદાવાદ શૅરબજાર

49 N.S.E. નું વિસ્તૃત સ્વરૂપ નીચે પૈકી એક છે.

(A) National Service Enterprise

(B) National Stock Exchange

(C) National Settlement Exchange

(D) New Scheme for Engineers

50 દેશના __________ ને અર્થતંત્રની આરસી કહેવામાં આવે છે.

(A) જાહેર ખર્ચ (B) જાહેર દેવાં

(C) અંદાજપત્ર (D) એકપણ નહીં

51 એક ફળવાળો 1 રૂ.ના 10 ફળ વેચે છે, જેમાંથી 40% નફો કમાય છે. તો તે 1 રૂ.માં કેટલા ફળ ખરીદતો હશે ?

(A) 14 (B) 16

(C) 12 (D) 13

52 એક રૂપિયાની નોટ પર કોની સહી હોય છે ?

(A) રિઝર્વ બૅંકના ગવર્નરની (B) નાણાં સચિવની

(C) નાણામંત્રીની (D) રાષ્ટ્રપતિની

53 રાજ્ય સરકારના બજેટમાં આવક-ખર્ચના જે આંકડા હોય છે, તે કયા નાણાકીય વર્ષના હોય છે ?

(A) આગામી વર્ષના (B) ચાલુ વર્ષના

(C) અગાઉના ત્રણ નાણાકીય વર્ષના (D) એકપણ નહીં



Downloaded from www.marugujarat.in

54 કંપનીના ખરા માલિકો કોણ ગણાય ?

(A) ઈક્વિટી શૅરહોલ્ડર (B) પ્રેફરન્સ શૅરહોલ્ડર

(C) ડિબેંચરહોલ્ડર (D) કોઈ પણ નહીં

55 બૅંક ઓવરડ્રાફ્ટ એટલે શું ?

(A) ખાતામાં જમા રકમ જેટલી જ રકમ ઉપાડવાની સવલત

(B) ખાતામાં જમા રકમ કરતાં વધુ રકમ ઉપાડવાની સવલત

(C) ખાતામાં જમા રકમ કરતાં ઓછી રકમ ઉપાડવાની સવલત

(D) કોઈ પણ નહીં

56 રૂપિયાનું રૂપાંતર એટલે

(A) રૂપિયાની નોટોને બદલે સોનું પ્રાપ્ત કરી શકવું

(B) રૂપિયાને અન્ય ચલણી નાણાંમાં ફેરવી નાખવો

(C) ચલણી નાણાં માટે ભારતમાં આંતરરાષ્ટ્રીય બજાર ઊભું કરવું

(D) રૂપિયાના મૂલ્યને બજારની શક્તિઓ વડે નિર્ધારિત કરી દેવો

57 મૅરેથોન દોડની લંબાઈ કેટલી હોય છે ?

(A) 20 માઈલ (B) 21.5 માઈલ

(C) 26.385 માઈલ (D) 27.575 માઈલ

58 બાયોગૅસમાં મુખ્ય તત્ત્વ કયું છે ?

(A) ઈથેન (B) એમોનિયા

(C) મિથેન (D) એથિલિન

59 ભારતીય અંતરિક્ષ અનુસંધાન સંગઠન "ISRO"નું ઈસરો સેટેલાઈટ સેન્ટર (ISAC) ક્યાં આવેલું છે ?

(A) થુમ્બા (B) બૅંગ્લોર

(C) અમદાવાદ (D) ત્રિવેન્દ્રમ

60 રિચર્સ સ્કેલ દ્વારા શું માપવામાં આવે છે ?

(A) વાયુની ગતિ (B) શરીરનું તાપમાન

(C) ભૂકંપની તીવ્રતા (D) સાગરની ઊંડાઈ

61 સમુદ્રીઘોડો શું છે ?

(A) એક સંમુદ્રી સ્તનધારી (B) એક માછલી

(C) એક પરવાળાનો છોડ (D) એક સમુદ્રની શેવાળ (લીલ)



Downloaded from www.marugujarat.in

62 એક રૂમનું માપ 5 મીટર × 5 મીટર ચોરસ છે. આ રૂમનું ફ્લોરિંગ બનાંવવા માટે 20 સે.મી. × 20 સે.મી.ની કેટલી ટાઈલ્સ જોઈશે ?

(A) 625 (B) 6250

(C) 1250 (D) 1600

63 નીચે લખેલ સંખ્યા શ્રેણીમાં એવા કેટલાક 3 છે જેની પહેલાં 6 આવે છે પણ તેના પછી તરત જ 7 નથી આવતો ?

2, 3, 7, 4, 3, 5, 6, 3, 7, 4, 6, 3, 8, 9, 6, 3, 5, 1, 8, 3, 7, 2, 4, 2, 8, 6, 3, 9

(A) એક (B) બે

(C) ત્રણ (D) ચાર

64 ભારતના રાષ્ટ્રપતિને તેમના પદ ઉપરથી કોણ હટાવી શકે છે ?

(A) લોકસભા (B) સંસદ

(C) ભારતના સર્વોચ્ચ ન્યાયાધીશ (D) વડાપ્રધાન

65 પીળા રંગની લાઈટમાં એક ઘાટી નીલા રંગની વસ્તુ કેવી દેખાય ?

(A) નારંગી રંગની (B) રીંગણ જેવા રંગની

(C) કથ્થઈ રંગની (D) કાળા રંગની

66 એક પાંજરામાં સસલાં અને પોપટ સાથે રહે છે. તે બધાંના ભેગા થઈને 20 માથાં અને 48 પગ થાય છે. તો તેમાં કેટલાં સસલાં અને કેટલા પોપટ હશે ?

(A) 4, 16 (B) 16, 4

(C) 12, 8 (D) 8, 12

67 "ઑપરેશન ફ્લડ" શેની સાથે સંબંધિત છે ?

(A) પૂર નિયંત્રણ (B) દૂધ ઉત્પાદનમાં વૃદ્ધિ

(C) સુવર્ણ મંદિરમાં સૈનિક કામગીરી (D) પ્રદૂષણ નિયંત્રણ

68 "બ્લેક હૉલ" શું છે ?

(A) નિહારિકા (B) સૂર્યમાં ધાબા

(C) ઉલ્કાઓ (D) આમાંથી એકપણ નહીં

69 ગાયત્રી મંત્રનો સૌપ્રથમ ઉલ્લેખ ક્યાંથી પ્રાપ્ત થાય છે ?

(A) ઋગ્વેદ (B) અથર્વવેદ

(C) ઉપનિષદ (D) અરણ્યક



Downloaded from www.marugujarat.in

70 શ્વેત પત્ર (White Paper) શું છે ?

(A) કોઈ દેશની કાગળની કરન્સી

(B) છાપાનો કાગળ

(C) લખવા માટેનો કોરો કાગળ

(D) સરકાર દ્વારા બહાર પડાયેલ મહત્ત્વના મુદ્દાઓ સાથેનો દસ્તાવેજ

71 ભારતના કવિ, ક્રાંતિકારી આધ્યાત્મિક સંતનું નામ

(A) ગાંધીજી (B) સુભાષચંદ્ર બોઝ

(C) વિવેકાનંદ (D) અરવિંદ ઘોષ

72 ગુજરાતની યુનિવર્સિટી તથા તેના વાઈસ ચાન્સેલરની હાલ ચાલુ જોડ કઈ છે ?

(A) સરદાર પટેલ યુનિવર્સિટી - ડૉ. આમ્રપાલી મરચંટ

(B) હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી - ડૉ. પરીમલ ત્રિવેદી

(C) ડૉ. આંબેડકર યુનિવર્સિટી - ડૉ. અવધેશકુમાર સિંહ

(D) વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી - કમલેષ જોશીપુરા

73 'રામચરિત માનસ'ના રચયિતા કોણ છે ?

(A) વેદ વ્યાસ (B) તુલસીદાસ

(C) વાલ્મીકિ (D) ગાંધીજી

74 "એકાત્મક માનવવાદ"ના લેખક-પ્રણેતા કોણ છે ?

(A) લાલકૃષ્ણ અડવાણી (B) ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જી

(C) દીનદયાળ ઉપાધ્યાય (D) પંડિત જવાહરલાલ નહેરુ

75 "તારા સ્વજન તને જાય મુકી તો, તેથી કઈ ચિંતા કરે ચાલશે ના" કાવ્યના મૂળ કવિ અને ગુજરાતી ભાવાનુવાદ કોણ છે ?

(A) સુરદાસ - ઉસનશ્

(B) રામધારીસિંહ - નારણ દેસાઈ

(C) રવીન્દ્રનાથ ટાગોર - મહાદેવ દેસાઈ

(D) સુમિત્રાનંદન પંત - રાજેન્દ્ર શાહ

76 રમતગમતના રાહબરો માટે ભારતમાં સર્વશ્રેષ્ઠ એવોર્ડ કયો છે ?

(A) અર્જુન એવોર્ડ (B) દ્રોણાચાર્ય એવોર્ડ

(C) છત્રપતિ એવોર્ડ (D) પદ્મશ્રી એવોર્ડ



Downloaded from www.marugujarat.in

77 આગામી ઓલિમ્પિક રમતોત્સવ કયા દેશમાં યોજાનાર છે ?

(A) રશિયા (B) ચીન

(C) જાપાન (D) કોરિયા

78 વિશ્વવિદ્યાલયોની રમતોમાં રમતમાં શ્રેષ્ઠ દેખાવ કરનાર વિશ્વવિદ્યાલયને આપવામાં આવતી ટ્રૉફી કઈ છે ?

(A) સંતોષ ટ્રૉફી (B) નહેરુ ટ્રૉફી

(C) મૌલાના આઝાદ ટ્રૉફી (D) રાજીવ ગાંધી ટ્રૉફી

79 ત્રીજી સિનિયર એશિયન જીમ્નેસ્ટિક સ્પર્ધા ગુજરાતના કયા શહેરમાં યોજાઈ ગઈ ?

(A) ગાંધીનગર (B) અમદાવાદ

(C) રાજકોટ (D) સુરત

80 'રાખના રમકડાને મારા રામે રમતા રાખ્યા રે...'
કાવ્ય-ગીતના કવિ-સંગીતકાર કોણ છે ?

(A) અવિનાશ વ્યાસ (B) ભરત વ્યાસ

(C) હેમુ ગઢવી (D) દુલા ભાયા કાગ

81 આંબામાં સંવર્ધનની પ્રચલિત પદ્ધતિ કઈ ?

(A) ગુટી કલમ (B) આંખ કલમ

(C) કટકા કલમ (D) નૂતન કલમ

82 ખેતરમાં ભેજ જાળવવા માટે ઘાસ-કચરાના આવરણની ક્રિયાને શું કહેવાય છે ?

(A) નિંદામણ (B) મલ્ચિંગ

(C) ગ્રેડિંગ (D) પ્રુનિંગ

83 દૂધ ઉત્પાદન માટેની ગુજરાતની દેશી ગાયની પ્રચલિત ઓલાદ કઈ ?

(A) સુરતી (B) કાંકરેજ

(C) ગીર (D) ડાંગી

84 કંદમૂળ પાકોમાં મીઠાશ અને ઉત્પાદન વધારવા માટે કયું ખાતર વપરાય ?

(A) યુરિયા (B) પોટાશ

(C) એમો. સલ્ફેટ (D) સુપર ફોસ્ફેટ



Downloaded from www.marugujarat.in

85 ગેરુ રોગ કયા પાકને વિશેષ લાગે છે ?

(A) ઘઉં (B) જુવાર

(C) ડાંગર (D) બાજરી

86 બોર્ડો મિશ્રણ બનાવવા માટે ચૂના સાથે કયો પદાર્થ વપરાય છે ?

(A) જિપ્સમ (B) ડી.ડી.ટી.

(C) યુરિયા (D) મોરથુથું

87 છાણિયા ખાતરની ઉપયોગિતા કયા પદાર્થને કારણે છે ?

(A) ખનીજ પદાર્થ (B) પોષક તત્ત્વો

(C) સેન્દ્રિય પદાર્થો (D) ક્ષારો

88 મધિયો નામનું કીટક કયા ફળઝાડને લાગે છે ?

(A) ચીકુ (B) નાળિયેરી

(C) જામફળ (D) આંબો

89 કુતુલ નામનો રોગ કયા પાકમાં વિશેષ લાગે છે ?

(A) બાજરી (B) જુવાર

(C) ડાંગર (D) ઘઉં

90 નીચેના પૈકીનું હાર્ડવેર છે.

(A) R.O.M. (B) Windows

(C) M. S. Word (D) V.B.

91 નીચેના પૈકી ઑડ ટર્મ આઉટ કયું છે ?

(A) Edit (B) Past

(C) Copy (D) Cut

92 ભેંસના ગર્ભકાળના દિવસો કેટલા ?

(A) 310 (B) 250

(C) 380 (D) 300

93 ગુજરાતનો સૌથી મોટો વનસ્પતિ ઉદ્યાન કયા સ્થળે આવ્યો છે ?

(A) વડોદરાં (B) વઘઈ

(C) ગીર (D) કચ્છ



Downloaded from www.marugujarat.in

41

94 સ્વાતંત્ર્યવીર તરીકે ઓળખાતા ક્રાંતિકારીનું નામ

(A) ઉધમસિંહ (B) ચંદ્રશેખર આઝાદ

(C) ભગતસિંહ (D) વિનાયક સાવરકર

95 ભારતની આઝાદી માટેનું છેલ્લું સ્વાતંત્ર્ય યુદ્ધનું નેતૃત્વ કોણે કરેલ ?

(A) મહાત્મા ગાંધી (B) લોકમાન્ય ટિળક

(C) સુભાષચંદ્ર બોઝ (D) લાલા લજપતરાય

96 ચાર વેદોનું ગુજરાતી ભાષાંતર કરનાર શતઆયુ પંડિતનું નામ

(A) પંડિત સાતવળેકર (B) પંડિત કે. કા. શાસ્ત્રી

(C) પંડિત કૃષ્ણશંકર શાસ્ત્રી (D) શ્રી. રમેશ ઓઝા

97 માનવીના સંપૂર્ણ જીવનકાળ દરમ્યાન ________ના કોષોની સંખ્યામાં વૃદ્ધિ થતી નથી.

(A) ન્યૂરોન (B) ગ્લાયેલ

(C) ગોલ બ્લેડર (D) પેન્ક્રિયાસ

98 રક્ષાબંધનનો ભારતનો સામાજિક ઉત્સવ કયા દિવસે ઉજવાય છે ?

(A) શ્રાવણ પૂનમ (B) પોષી પૂનમ

(C) કારતીકી પૂનમ (D) આસો પૂનમ

99 જગપ્રસિદ્ધ શ્રીમદ્ ભગવત્ગીતાનો ગુજરાતી ભાષામાં શમશ્લોકી અનુવાદ કોણે કરેલ છે ?

(A) કાકા કાલેલકર (B) કિશોરલાલ મશરૂવાલા

(C) મહાત્મા ગાંધીજી (D) પન્નાલાલ પટેલ

100 પ્રથમ ગુજરાતી સાપ્તાહિક 2જી મે 1849માં "અમદાવાદ વર્તમાનપત્ર" તરીકે શરૂ થયેલ જેનું (લોકપ્રિય) લોકલાડીલું નામ ________ હતું.

(A) સોમવારિયું (B) બુધવારિયું

(C) શુક્રવારિયું (D) રવિવારિયું



Downloaded from www.marugujarat.in

## SPACE FOR ROUGH WORK

પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરવહી તથા પ્રશ્નપુસ્તિકા વર્ગ નિરીક્ષકને પરત કર્યા બાદ જ વર્ગખંડ છોડવાનો રહેશે. જો તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગનાં પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.



Downloaded from www.marugujarat.in